અનુસુચિત જાતિ કલ્યાણ ખાતા સંચાલિત

રાજકોટની સરકારી છાત્રાલયોના વિદ્યાર્થીઓનો રવિવારે સન્માન સમારોહ

રાજકોટ, તા.૧ : અનુસુચિત જાતિ કલ્યાણ ખાતા સંચાલિત રાજકોટની સરકારી છાત્રાલયોના વિદ્યાર્થીઓએ શૈક્ષણીક ક્ષેત્રે તથા રમતોત્સવમાં પ્રાપ્ત કરેલ સિધ્ધીઓને બીરદાવવા તથા રાજકોટ શહેર પોલીસ સુરક્ષા સેતુ સોસાયટીના સહયોગથી યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષાઓના કોચીંગ ક્લાસથી કારકીર્દી બનાવવામાં સફળતા પ્રાપ્ત કરેલ છાત્રોને પ્રોત્સાહિત કરવા કાર્યક્રમનું આયોજન તા.૪ને રવિવારે સાંજે ૫ વાગ્યે શ્રી મહાત્મા ગાંધી સરકારી કુમાર છાત્રાલય, ક્રિસ્ટલ મોલ પાસે કરેલ છે. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ટ્રોફી, શીલ્ડ તથા મોમેન્ટો આપી સમ્માનીત કરવામાં આવશે.

કાર્યક્રમના અધ્યક્ષ રાજકોટ શહેર પો.કમીશ્નર અનુપમસિંહ ગેહલોત, તેમજ ઉદ્ઘાટક રાજકોટ ગ્રામ્યના ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા રહેશે. તેમજ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મહાનગર પાલીકાના કમિશ્નર બંછાનિધિ પાની, અસારવાના ધારાસભ્ય પ્રદિપ પરમાર, રાજકોટ ગ્રામ્યના પૂર્વ ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, ડે.મેયર ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પુષ્કરભાઈ પટેલ, પી.ડી.એમ. કોલેજના પ્રિન્સીપાલ એમ. કે. મારૂ, સૌ. યુનિ.ના સીન્ડીકેટ સભ્ય મેહુલભાઈ રૂપાણી, સૌ.યુનિ.ના ડે.રજીસ્ટ્રાર આર.જી.પરમાર, ડીરેક્ટર રઘુભાઈ સોલંકી, ટ્રસ્ટી સર્વેશ્વરભાઈ ચૌહાણ, વગેરે ઉપસ્થિત રહેશે તેમ એક યાદીમાં જણાવાયું છે. (૨૪.૪)

દ્વારકાધીશ મિત્ર મંડળ દ્વારાપદયાત્રીઓને સહાય

પાંચ વર્ષ થયા દ્વારકાધીશ મિત્ર મંડળ દ્વારા દ્વારકા પગપાળા જતા યાત્રાળુઓને વિવિધ પ્રકારની સહાય કરવામાં આવે છે.અરવિંદભાઈ કે. મોરાણીયા, લલીતભાઈ એ. કુબાવત, હસમુખભાઈ કે. મોરાણીયા, સતિષભાઈ ગોદળકા, અમીતભાઈ મોરાણીયા, મનોજભાઈ મોરાણીયા, મિતેષ દેથરીયા, હિતેષભાઈ ગધાત્રા વિ. તમામ મંડળના કાર્યકર્તાઓએ નિઃસ્વાર્થ ભાવે સેવા કરતા રહે છે. (૧૧.૬)

રામ સેવા મિત્ર મંડળ દ્વારા હોળી ઉત્સવ

શ્રી રામ સેવા મિત્ર મંડળ દ્વારા ૩,ગઢીયાનગર, સંતકબીર રોડ, સુર્યમુખી હનુમાનજીના સાનિધ્યમાં ૨૫ વર્ષથી હોળી પ્રગટાવવામાં આવે છે. હોળીમાં કપુરની ગોટી, લવીંગ પણ નાખવામાં આવે છે. તેમ બિપીનભાઈ ભાખરની યાદીમાં જણાવાયું છે. (૧૧.૬)

જાહેર ચેતવણી

આથી લાગતા વગળતા વેપારીઓ, ગ્રાહકો તથા જાહેર જનતાને જાણવાનું કે અમારા અસીલએ સજેફેશન

શ્રી દક્ષા પ્રિતેશકુમાર સાંઘાણી ધંધાનું સ્થળ:-૧૦, શિવશકિત સોસાયટી, બોમ્બે માર્કેટથી પુનાગામ રોડ, સુરત-૩૯૫૦૧૦ ગુજરાત

ભારતનાઓની સુચના અનુસાર આ જાહેર ચેતવણી આપીને જાણવાનું કે અમારા અસીલ નીચે જણાવેલ વરિષ્ટ વોચ (કાંડા ઘડિયાળ) ડિઝાઇન રજીસ્ટર ડિઝાઇન એકટ-૨૦૦૦ મુજબ કરેલ છે. જેનો ડિઝાઇન રજી.નં. ૨૯૯૯૮૭ છે. જેની વિગત નીચે મુજબ છે.

આમ ઉપરોકત જણાવેલ ડિઝાઇનના અમારા અસીલ સંપૂર્ણ માલિક છે આથી તમામ વેપારીઓ તથા સંસ્થા કંપનીઓને જાણવાનું કે અમારા અસીલની ઉપરોકત ડિઝાઇનની ડુપ્લીકેટ (કોપી) કરશે તો અમારા અસીલ તેઓની સામે દીવાની તથા ફોજદારી રાહે અને ડિઝાઇન એકટ ૨૦૦૦ અન્વયે જરૂરી કાયદેસરની કાર્યવાહી યોગ્ય હુકુમત ધરાવતી કોર્ટમાં કરશે. જેની નોંધ લેશો.

આ નોટિસ વેપારીભાઈઓ તથા જાહેર જનતાના હિત માટે આપેલ છે.

વીએસ કન્સલટન્સી
આર કર્ણણ
(એડવોકેટ એન્ડ એર્ટની)
એચ-૨૦૩, રાધેય રેસીડેન્સી, લાલગેબી સરકલની પાસે, એસ.પી. રિંગ રોડ હાથીજણ, અમદાવાદ-૩૮૨૪૪૫
મો.૯૯૨૫૦ ૩૫૭૪૯

જાહેર નોટીસ

મારા અસીલે રાજકોટ જીલ્લાના તાલુકા ગોડલના ગામ રીબના રેવન્યુ સર્વે નં.૧૯૭ પૈકી ૧ની ''પાણખાણીયુ''તરીકે ઓળખાતી જુની શરતની જીરાયત પ્રકારની ખેતીની ખેડવાણ જમીન હેકટર ૧ આરે ૬૮ ચો.મી.૯૬ શ્રી અલ્પાબેન મનસુખલાલ લીલા તે ડોટર ઓફ પરસોતમભાઈ ભગવાનજીભાઈ સાવલીયા પાસેથી ખરીદ કરવા નક્કી કરેલ છે.

ઉપરોક્ત વિગતેની જમીન અંગેના માલીકી ટાઈટલ, રાઈટસ,, ઈન્ટરેસ્ટ, વેચાણ,કબજા, પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક,હિત,હિસ્સો,ભાગલાગ, દરદાવો, વારસાઈ હકક કે ભરણપોષણના હકક કે કોઈનું લેણું, કરજ, ગીરો, બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક,અધિકાર હોય તો, આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૮ માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી મુદત વિત્યે કોઈપણ વ્યકિતને કોઈપણ પ્રકારનો હકક,હિત,હિસ્સો,વાંધો તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી જમીનનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઈના હકક,દાવા મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી લાગતા-વળગતા સર્વેએ નોંધ લેવી.

રાજકોટ
તા.૧/૩/૨૦૧૮

અમારા મારફતઃ-

જી.એલ.રામાણી-એડવોકેટ
હરેશ જે.સોરઠીયા,એડવોકેટ
નિરવ જી.રામાણી, એડવોકેટ
મયુર જી.ઠુંમર, એડવોકેટ
૨૦૪-૨૦૫, અતુલ કોમ્પ્લેક્ષ,બોમ્બે હોટલ સામે, ગોંડલ રોડ રાજકોટ. ફોન નં.૯૯૦૯૮ ૯૧૯૪૩

જી.એલ.રામાણી
એડવોકેટ

જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને આથી જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ કોટડાસાંગાણીના મોજે ગામ શાપરના **રેવન્યુ સર્વે નં. ૨૬ પૈકી** ની જનરલ ઔધોગીક હેતુ માટેની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૭ પૈકી** પશ્ચિમ તરફના વિભાગ-બી ની જમીન **ચો.મી.આ. ૪૫૦-૧૮** બરાબર **ચો.વા.આ. ૫૩૮-૨૧** ઉપર આવેલ ઉભા ઈમલા સહિતની બાંધકામવાળી સ્થાવર મિલ્કત જે **''સરદાર પોલીચેક પ્રાઈવેટ લીમીટેડ''** ના ડાયરેકટરો **(૧) શ્રી દર્શિકભાઈ વશરામભાઈ સુતરીયા (૨) શ્રી લક્ષ્મણભાઈ કિશનચંદ મગનાની** ના કબ્જા, ભોગવટા અને માલીકીની આવેલ છે અને સદરહું મિલ્કત તેમની પાસેથી ખરીદ કરવા અમારા અસીલ ઈચ્છા ધરાવે છે.

જેથી સદરહું મિલ્કતની માલીકી, કબ્જા કે ટાઈટલ કે આ વેચાણ બાબતે જો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય કે સદરહું મિલ્કત સંબંધે ટેના બેંક રેસકોર્ષ બ્રાન્ચ, રાજકોટ ના સી.સી. ઈશાણ સિવાય અન્ય કોઈપણ વ્યકિત, બેન્ક, પેઢી, સંસ્થા કે કોઈપણનું કોઈપણ પ્રકારનું હક્ક, બોજો, ગીરો, લેણું કે ભરણપોષણ કે અન્ય કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, વારસાઈ હકક, દરદાવો કે લાગભાગ હોય કે આ મિલ્કત અંગે કોઈ લેખીત કે મૌખીક કરાર કે વેચાણ કરાર કે વેચાણ વ્યવહાર કે નાણાકીય લેતી-દેતી કે સાટાખત કરાર કે ગીરો કરાર કે કોઈપણ પ્રકારનો વ્યવહાર અસ્તિત્વમાં હોયતો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિવસ-૧૦ (દસ)** માં નીચે જણાવેલ અમારા સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી, મુદત દરીમ્યાન કોઈપણ વ્યકિતના વાંધા તકરાર નહીં આવે તો મુદત વિત્યે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર છે નહીં અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ ચુકતે અવેજની રકમ ચુકવી, વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી, સદરહું મિલ્કતનો કબ્જો, ભોગવટો સંભાળી લેશે. ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા તકરાર, વાદ-વિવાદ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં, જેની આથી સર્વેએ ખાસ અને સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા. ૦૧/૦૩/૨૦૧૮

જે. કે. તાળા એડવોકેટ & નોટરી | **રાકેશ એન. સભાયા** એડવોકેટ

૧૦૪, નુ રૂપ કોમ્પલેક્ષ, બાલાજી હોલની બાજુમાં, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ-૪. મો. ૮૬૮૦૫ ૦૭૪૭૪

vision-ffl

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલે નીચેના પરિશિષ્ટવાળી મિલકત ખરીદ કરવા, તેના માલીક શ્રી મહેશ ડુંગરભાઈ બાબરીયા રહે. ત્રાકુડા તા. ગોંડલ સાથે સમજુતી કરેલ છે. સદરહું મિલકત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો, વેંચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકક-હિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટેના કબજા બાબતે કોઈને વાદ-વિવાદ હોય કે મિલકત પરત્વે કોઈ કરાર-લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક-વિવાદ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયે દિવસ-૭ માં નીચેના સરનામે લેખીતમાં જાણ કરવી. સમય પુરો થયે કોઈના વાંધા નથી કે વેવ કરેલ છે તેમ માની અમારા અસીલ દસ્તાવેજ બનાવી લેશે. જેની સર્વેએ નોંધ લેવી.

-: પરિશિષ્ટ :-

ગુજરાત રાજયનાં રાજકોટ જીલ્લાનાં ગોંડલ તાલુકાનાં ત્રાકુડા ગામના રેવન્યુ સર્વે નં. ૧૫૭ પૈકી ૩ હે. ૨-૪૨-૮૧ વાળી જીરાયત પ્રકારની ખેતીની જમીન.

ગોંડલ
તા. ૧-૩-૨૦૧૮
વિક્રમસીંહજી કોમ્પલેક્ષ,
વિભાગ-સી/એફ ૧૫૫, ૧૫૪ ગોંડલ
મો. ૯૮૨૫૭ ૧૫૪૧૪

સંજય એન. ભાલોડીયા
એડવોકેટ-ગોંડલ

જાહેર નોટીસ

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટમાં સબ ડીસ્ટ્રીકટ લોધીકામાં આવેલ ગામ મેટોડાના સર્વે નં. ૨૦૧/પૈકીના પ્લોટ નં. જી-૧૮૬૬/બી ની જમીન ચો.મી.આ. ૯૯૯-૬૦ ઉપર આવેલ મીલકત મે. ઈગલ પ્લાસ્ટીકના પ્રોપરાઈટર શ્રી બીપીનભાઈ જી. શાહની માલીકી કબજા ભોગવટા તથા સુખાધીકારના હકકો સહીતના આવેલ છે અને તેઓ પાસેથી મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સબબ આ જાહેર નોટીસ આપી જાણ કરવાની કે આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિવસ-૧૦ (દસ) માં સદરહું મીલ્કત ઉપર કોઈ વ્યકિત, પેઢી, કંપની, કે રાષ્ટ્રીયકૃત બેંક, ખાનગી બેંક કે સહકારી બેંક કે ફાઈનાન્સ કરતી કોઈપણ પેઢી કે સંસ્થાનું કાંઈ લેણું, બોજો, ગીરો જામીનગીરી, કરાર કે તેવા કોઈપણ પ્રકારનું લખાણ હોય કે કોઈને સદરહું મીલ્કતના માલીકી, હકક, કબજા ભોગવટા કે વેચાણ પ્રત્યે કંઈ વાંધો તકરાર હોય તો તે અંગેના લેખીત દસ્તાવેજી આધાર પુરાવા સહીત અમોને જાણ કરશો. તેમ કરવામાં કસુર થયે આ મીલ્કતના વેચાણ પરત્વે કોઈ વ્યકિત, પેઢી, કંપની, કે રાષ્ટ્રીયકૃત બેંક, ખાનગી બેંક કે સહકારી બેંક કે ફાઈનાન્સ કરતી કોઈપણ પેઢી કે સંસ્થાને કાંઈ વાંધો તકરાર નથી અને હોય તો તે જતો (Waive) કરેલ છે તેમ માની પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી લેવામાં આવશે. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો માલીકી હકક કે અધિકાર કે કોઈપણ પ્રકારનું લેણું અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની નોંધ લેવી.

જે.એમ.શાહ એન્ડ કું.
'ચંદ્રજયોત' ૧, જાગનાથ પ્લોટ
કાઠીયાવાડ જીમખાના રોડ
રાજકોટ તા. ૧-૩-૨૦૧૮

દિલેશ જે. શાહ
એડવોકેટ

મકાન ખરીદવા અંગેની જાહેર નોટીસ

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના, રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ રૈયાના રેવન્યુ સર્વે નંબર-૭૦/૧-૨ પૈકીના ટી.પી. સ્કીમ નંબર-૪ (રૈયા)ના ફાઈનલ પ્લોટ નંબર-૨૦૬ પૈકીના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા ''બોમ્બે હાઉસીંગ'' તરીકે ઓળખાતા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નંબર-૩૬/એ+બી ના સબ પ્લોટ નંબર-૩૬/એ+બી/૧ ની જમીન ચો.વા.આ. ૧૨૦-૦૩ બરાબર ચો.મી.આ. ૧૦૦-૩૬ સહીતનું મકાન શ્રીમતી જુબેદાબેન હબીબભાઈ કાસમાણી પાસેથી અમારા અસીલે ખરીદ કરેલ છે.

સબબ સદરહું મકાનની માલિકી, દસ્તાવેજ, ટાઈટલ કે કબજા પરત્વે કોઈના કોઈપણ પ્રકારના હકક, હિત, હિસ્સા, લાગ-ભાગ, દરદાવા, ભરણપોષણનો હકક, વારસાઈ હકક, કે અન્ય કોઈપણ પ્રકારના હકક કે વાંધા તકરારો હોઈ તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી **દિવસ ૮** માં અમારી ઓફીસે લેખીત રજુઆત આધાર પુરાવા સાથે કરવી. સદરહું મુદત દરમ્યાન જો કોઈના વાંધા તકરાર નહિં આવે તો અમારા અસીલ સદરહું મકાન પરત્વેના વેચાણ વ્યવહારો પૂર્ણ કરશે અને ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા તકરારો અમારા અસીલને શુદ્ધ બુદ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહિં જેની લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ તા. ૧-૩-૨૦૧૮

ધર્મેશ બી. લાડવા હેમંત એન. ભટ્ટ
એડવોકેટસ
૩૦૨/૩૦૩-અક્ષર ચેમ્બર્સ, રજપુતપરા મેઇન રોડ, રાજકોટ.

અસલ દસ્તાવેજો ગુમ થવા સબંધે ની જાહેર નોટીસ

રાજકોટ જીલ્લાના ઉપલેટા તાબાના ગામ તળપદ ઉપલેટાના રેવન્યુ સર્વે નં. ૧૦૧/૩ પૈકીની બીનખેડવાણ જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૦/પૈકી જમીન ચો.વા.આ. ૧૩૬-૧૨ બરાબર ચો.મી.આ. ૧૧૩-૮૧ સહિતની બાંધકામવાળી મિલ્કત શ્રી નિર્મળાબેન કાંતિલાલ વસવેલીયાએ તેમના જોગના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૪૧૪ તા. ૧૭/૦૯/૨૦૦૧ થી શ્રી સુરેશકુમાર પ્રભુદાસ લખતરીયા પાસેથી ખરીદ કરેલ ત્યાર થી ટાઈટલ ડ્કીયરન્સ માટે સદરહું મિલ્કતની ઉતરોતર દસ્તાવેજોની ફાઈલ ચકાસતા ઉપરોક્ત મિલ્કત સંદર્ભે નીચે મુજબના દસ્તાવેજ અસલ ઘટતા હોવાનું માલુમ પડેલ છે. સદરહું દસ્તાવેજ કોઈ જગ્યાએ મુકાઈ ગયેલ હોય મળી આવતા નથી અને ખોવાઈ ગયેલ છે તેવી રજુઆત કરેલ છે.

૧. અનુક્રમ નં. ૨૮૮ તા. ૧૧/૦૨/૧૯૯૯ નો શ્રી સુરેશકુમાર પ્રભુદાસ લખતરીયા જોગ શ્રી પરમાર કાળુભાઈ મગનભાઈએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અસલ.

૨. અનુક્રમ નં. ૧૫૭૪ તા. ૨૮/૦૮/૧૯૯૭ નો શ્રી પરમાર કાળુભાઈ મગનભાઈ જોગ શ્રી અમૃતલાલ મોહનલાલ ઠાનાબારએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અસલ.

સદરહુ મિલ્કત પરત્વે કે તેના ટાઈટલ ડીડઝ બાબતે કોઈએ કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, હક્ક, હિત, હિસ્સો, દરદાવો, લેણું, કરજ, ગીરો બોજો કે કોઈપણ જાતનો વાંધો તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૫ માં અમોને લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે મુદત દરમ્યાન જાણ કરવી મુદત પુરી થયેથી આ મિલ્કતમાં કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, દરદાવો, હક્ક, હિત, હિસ્સો, ગીરો વિગેરે નથી તેમજ આવો કોઈ હક્ક હોય તો તે જતો (WAIVE) કરવામાં આવેલ છે તેમ માની લેવામાં આવશે. અને ત્યારબાદ કોઈના હક્ક, દાવો, વાંધો તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની આથી લાગતા-વળગતા સર્વેએ નોંધ લેવી.

રાજકોટ
તા.૦૧/૦૩/૨૦૧૮

મારા મારફત : શ્રી ધીરેન્દ્ર બી. વસાવડા (એડવોકેટ)

ડી.બી. વસાવડા એન્ડ એશોશીએટસ
'ગીતા', ગીત ગુર્જરી સોસાયટી,
મેઈન રોડ, એરપોર્ટ પાસે, રાજકોટ.

જાહેર નોટીસ

રાજકોટના મહે. બીજા એડી. ચીફ જયુ. મેજી. શ્રી એમ. જે. ગઢવી સાહેબની કોર્ટમાં,
ફો. પર. અ. નં. ૪૧૪/૨૦૧૭

શ્રી મુકેશભાઈ દેવજીભાઈ જીંઝુવાડીયા,
રહે. સોમનાથ સોસાયટી, શેરી નં. ૧, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ. ...અરજદાર
વિ.
રજીસ્ટ્રારશ્રી, રાજકોટ મ્યુની. કોર્પો. .....સામાવાળા

આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદારે તેના પિતા સ્વ. દેવજીભાઈ બચુભાઈ ઝિંઝુવાડીયાનું તીરૂપતી ઈન્ડ. એરીયા, રાજકોટ મુકામે તા. ૧૮-૩-૨૦૧૩ના રોજ અવસાન પામેલ. જે તે સમયે તેના મરણની નોંધણી સામાવાળાની કચેરીમાં નોંધવાની રહી ગયેલ. જેથી હાલ તેના મરણની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગેનો હુકમ મેળવવા અરજી કરેલ છે સદરહું હુકમ થવા સામે કોઈને વાંધો તકરાર હોય તો તેઓએ જરૂરી આધાર-પુરાવા સાથે અત્રેની અદાલત સમક્ષ મુદત તા. ૦૭/૦૪/૨૦૧૮, ૧૦-૩૦ વાગ્યે હાજર રહેવું. જો હાજર રહેવામાં કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની સર્વેએ નોંધ લેવી.

આજ તા. ૨૭-૨-૨૦૧૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

તૈયાર કરનાર આસી. (પી. બી. ગોહેલ) બીજી અધિક સીવીલ અને જયુડી. મેજી.ફ.ક. કોર્ટ, રાજકોટ

કોર્ટનો સિકકો

હુકમથી સહી/- (અવાચ્ય) રજીસ્ટ્રાર ચીફ જયુડીસીઅલ મેજીસ્ટ્રેટ કોર્ટ, રાજકોટ.

મનહર યુવા ગ્રુપ દ્વારા હોલિકા દહન

મનહર યુવા ગ્રુપ દ્વારા ૧૩-૧૫ મનહર પ્લોટ ખાતે હોળીનું આયોજન કરવામાં આવ્યું છે. રાહુલ સેંગરા, યશ સેંગરા, કેતન સેંગરા, હિમાંશુ હડા, સહિતના ભાઈઓ જહેમત ઉઠાવી રહ્યા છે. (૧૧.૬)

સિવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. જયુડી. મેજી.(મેઈન) ફ.ક.શ્રી એ.એ.ખેરાદવાલા સાહેબની કોર્ટમાં ફો.પ.અ.નં.૪૩/૨૦૧૮ના અરજદાર શ્રી ભાવનાબેન સંજયભાઈ ચિરોડીયા, રહે. મું.મકનપરવાળાએ તેમના પુત્ર નામે નામે દિક્ષીત સંજયભાઈ ચિરોડીયાનો જન્મ તા.૮/૧૦/૨૦૧૪ના રોજ સરધાર મુકામે આસ્થા હોસ્પીટલમાં થયેલ હતો. જેના જન્મ અંગેની નોંધ તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ-પંચાયત સરધારના જન્મ રજીસ્ટરમાં કરાવવાની રહી ગયેલ હોય તેમના એડવોકેટસશ્રી બી.કે.સોંદરવા મારફત અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી સામે જે કોઈને વાંધો કે તકરાર હોય તેમને મુદત તા.૭/૪/૨૦૧૮ ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે હાજર રહેવું. ગેરહાજર રહયેથી યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તા.૨૮માંહે ફેબ્રુઆરી સને ૨૦૧૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર (ડી.એચ.કોલી) (આસીટન્ટ)

કોર્ટનો સિક્કો

હુકમથી (એ.એસ.દવે) રજીસ્ટ્રાર ચીફ જયુડી મેજી.કોર્ટ. રાજકોટ

સિવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે.૪થા અડી.સીનીયર સીવીલ જજ શ્રી એન.જી.સુરતી સાહેબની કોર્ટ સમક્ષની દિ.પ.અરજી નંબરઃ ૨૨૦/૨૦૧૮ના કામના અરજદાર શ્રી નિલેશ નરેન્દ્રકુમાર શુકલ, રે.રાજકોટ, ઠે. ''શ્રી મલ્લિનાથ એપાર્ટમેન્ટ'', ફલેટ નં.૩૦૧, ત્રીજો માળ, જુના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પાછળ, સ્ટેલીંગ હોસ્પીટલ પાસે, ૧૫૦' ફુટ રીંગ રોડ, રાજકોટ વાળાએ તેમના ભાભુ (કાકી) (સ્વ.) મંગળાબેન પ્રેમશંકર ત્રિવેદી (W/O. ગજેન્દ્રભાઈ શુકલ)નો અનડીવાઈડેડ અડધો (૫૦ ટકા) હકક,હિત,હિસ્સો અને અધિકાર સમાયેલ છે તે સ્થાવર મિલ્કત શહેર રાજકોટમાં રૈયાના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ રૈયાના રે.સરવે નં.૧૯૪/૧ પૈકી, પ્લોટ નં.૩૨/બી (ટી.પી.સ્કીમ) નં.૬ (રૈયા), એફ.પી.નં.૩૦૬)ની જમીન ચો.મી.આ.૨૦૯.૦૩ બરાબર ચો.વા.આ. ૨૫૦-૦૦ ઉપર બાંધવામાં આવેલ લો-રાઈઝ બહુમાળી ઈમારત જે ''શ્રી મલ્લિનાથ એપાર્ટમેન્ટ'' નામથી ઓળખાય છે તેના ત્રીજા મજલે આવેલ ફલેટ નં.૩૦૧ જેનો બિલ્ટ-અપ-એરીયા ચો.મી.આ.૪૬.૦૦ (ચો.ફુ.આ.૪૯૫-૦૦) વાળી આવેલ છે. તે ફલેટ નં.૩૦૧ વાળી મિલ્કત માંહે સમાયેલ તેમના અનડીવાઈડેડ અડધા (૫૦ ટકા) હિસ્સાની સ્થાવર મિલ્કત સંબંધી વ્યવસ્થા કરવા (સ્વ.)મંગળાબેન પ્રેમશંકર ત્રિવેદી (W/O.ગજેન્દ્રભાઈ શુકલ) એ તેમની હેયાતી દરમ્યાન તેમના તારીખઃ ૦૬/૦૨/૨૦૧૫ ના રોજ કરેલ નંબરઃ ૬૯૩ વાળા રજી.વીલ યાને વસીયતનામાના બેનીફીશીઅરી દરજ્જે ગુજરનારના હિસ્સાની સ્થાવર મિલ્કતનું લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વીલની નકલ સાથેનું મેળવવા અરજદારે ઉપરોકત નંબર વાળી અરજી તેમના એડવોકેટ શ્રી જયેશ જી.વડગામા મારફતે અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ હોય, સદરહુ અરજી સંબંધે જે કોઈને વાંધો, તકરાર હોય તો તેમણે તારીખઃ ૩૧/૩/૨૦૧૮ના રોજ સવારના ૧૦.૪૫ કલાકે લેખીત વાંધા અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેર હાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

આજ તારીખઃ૦૧-૦૩-૨૦૧૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું.

કોર્ટનો સિક્કો

તૈયાર કરનાર (કે.આર.યાદવ) (આસીટન્ટ)

હુકમથી (પી.આર.રાવલ) ઈ.ચા.રજીસ્ટ્રાર (સીવીલકોર્ટ)રાજકોટ

સિવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૬ઠા સીનીયર સીવીલ જજશ્રી એસ. એમ. ગોવાણી સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં. ૩૧૪/૨૦૧૮ના કામમાં અરજદાર બંકિમ કિશોરભાઈ દલાલ એ ગુજરનાર કિશોરભાઈ હરીલાલ ઉર્ફે હરીદાસભાઈ દલાલની માલીકીની સ્થાવર મિલકત કે જે રાજકોટમાં બજરંગવાડી મેઈન રોડ ઉપર આવેલ રાજકોટના રેવન્યુ સર્વે નં. ૪૮૯ ના પ્લોટ નં. ૯૯ પૈકીમાં બાંધવામાં આવેલ ગોકુલ કોમર્શિયલ કોમ્પલેક્ષમાં ફર્સ્ટ ફલોર ઉપર આવેલ ફલેટ નં. ૧૦૨, બિલ્ટઅપ એરીયા ૩૪૪-૦૦ છે જેના સીટી સર્વે વોર્ડ નં. ૧૬ પૈકી, સીટી સર્વે નં.૨૩૨/૫૮ પૈકી છે તે ફલેટ ગુજરનાર કિશોરભાઈ હરીલાલ ઉર્ફે હરીદાસભાઈ દલાલએ તેમના નામ જોગના રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૩૭૪૩, તા. ૦૧/૧૧/૧૯૯૯ થી મે. વૃંદાવન બિલ્ડર્સ નામથી ચાલતી ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર શ્રી નાનજીભાઈ દેવજીભાઈ નળીયાપરા પાસેથી ખરીદ કરેલ છે. સદરહું સ્થાવર મિલકતનું હેરશીપ સર્ટિફીકેટ મેળવવા માટે અરજદારે તેમના વકિલશ્રી દિપકકુમાર વી. દત્તા મારફત દિવાની પરચુરણ અરજી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ હોય સદરહું અરજી સંબંધે જે કોઈ શખ્સને વાંધો તકરાર હોય તેમણે મુદત તા. ૦૩-૦૪-૨૦૧૮ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે લેખિત વાંધા અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહયેથી યોગ્ય હુકમ કરવામાં આવશે જેની લાગતાં વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

આજ તા.૨૮-૨-૨૦૧૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યું.

તૈયાર કરનાર (બી.એચ.કલોતરા) રાજકોટ

કોર્ટનો સિક્કો

હુકમથી (પી.આર.રાવલ) ઈ.ચા.રજીસ્ટ્રાર રાજકોટ

અસલ દસ્તાવેજો ખોવાઇ ગયા અંગેની

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, રાજકોટ મધ્યે મ્યુનિ. વોર્ડ નં.૧૫માં નિર્મલા કોન્વેન્ટ રોડ ઉપર આવેલ ''મારૂતી એપાર્ટમેન્ટ''માં ત્રીજા માળે આવેલ ફલેટ જેનું ક્ષેત્રફળ ચો.ફુ.આ. ૧૧૫૦-૦૦ છે જેના સીટી સર્વે વોર્ડ નં.૧૫, સીટી સર્વે નં.૧૬૧, સીટ નં.૩૫૫ મુજબ છે તે ફલેટ અમારા અસીલ દિપકભાઈ મોહનભાઈ ગોટેચાએ તેમના નામ જોગના રજી.વેચાણ દસ્તાવેજ અનું. નં. ૪૩૮૪, તા.૦૫/૧૦/૨૦૦૦ (જેના નવા નં. ૧૭૩૮૬, તા.૦૮/૧૧/૨૦૦૭) થી શ્રીમતી સોનલ કલ્પ